# <u>પ્રકરણ-૨</u>

## (નિયમ સંગ્રહ-૧)

# સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો

# <u>પ્રકરણ -૨</u>

# (નિયમ સંગ્રહ-૧)

## <u>સંગઠનની વિગતો, કાર્યો અને ફરજો</u>

**૨.૧ <u>જાહેર તંત્ર, ઉદ્દેશ/હેતુઃ-</u>**

રાજ્ય કક્ષાએ સમાજ સુરક્ષા પ્રભાગની મુખ્યત્વે કામગીરી સમાજનાં નબળા વર્ગો જેવા કે, અનાથ, નિરાધાર, કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકો તેમજ ગુન્હાવૃત્તિ તરફ વળેલ યુવાન અને શારીરિક, માનસિક ક્ષતિવાળા બાળકો અને પુખ્તવયની વ્યક્તિઓ તથા વૃધ્ધો અને ભિક્ષુકોનાં કલ્યાણ તેમજ પુનઃવસવાટ વિગેરે છે.

આ હેતુ માટે જરૂર જણાયે આવી વ્યક્તિઓને સંસ્થામાં આશ્રય આપવામાં આવે છે. જેમાં તેઓને આશ્રય, ખોરાક, કપડાં, આરોગ્યલક્ષી સારવાર, શૈક્ષણિક, ઔદ્યોગિક તાલીમ અને પુનઃવસવાટ અંગેની સેવાઓ પુરી પાડવામાં આવે છે. સમાજ સુરક્ષાનાં ઉદ્દેશો પાર પાડવા માટે સરકારના જુદા જુદા સામાજિક અધિનિયમોનો અમલ કરવામાં આવે છે.

**૨.૨ <u>જાહેર તંત્રનું મીશનઃ-</u>**

કાયદાકીય જોગવાઈઓ મુજબ સામાજિક દુષણો અંગે જન જાગૃત્તિ લાવવી, સમાજનાં નબળા અને ઉપેક્ષિત લોકો જેવા કે, અનાથ નિરાધાર બાળકો, વૃધ્ધો, ભિક્ષુક કલ્યાણ  અને દિવ્યાંગોને આશ્રય, શિક્ષણ આપી પુનઃસ્થાપન કરવું તેમજ તે માટે આર્થિક સહાયની યોજનાઓનો અમલ કરવો.

**૨.૩ <u>જાહેર તંત્રનો ટુંકો ઇતિહાસઃ-</u>**

૧લી મે ૧૯૬૦માં રોજ રાજ્ય સરકારની સ્થાપના સાથે સમાજનાં નબળા વર્ગો જેવા કે અનાથ, નિરાધાર, તરછોડાયેલા કે કાયદા સાથે સંઘર્ષમાં આવેલ બાળકો, યુવાન વયનાં ગુનેગારો, મુક-બધિર, અંધ, દિવ્યાંગ, શારીરિક અને માનસિકક્ષતિ ધરાવતી વ્યક્તિઓ, વૃધ્ધ અને અશક્તો અને ભિક્ષુકોનું કલ્યાણ તેમજ પુનઃવસાવટ માટેની કામગીરી વધુ અસરકારક થઈ શકે તે માટે તા.૦૮-૦૧-૧૯૬૫નાં રોજથી સમાજ સુરક્ષા પ્રભાગની અલગ રચના કરવામાં આવી છે.

**૨.૪. <u>જાહેત તંત્રની ફરજોઃ-</u>**

સામાજિક કાયદાનો અમલ કરી સામાજિક દુષણો અંગે જાગૃત્તિ લાવવી અને સમાજનાં ઉપેક્ષિત વર્ગો જેવા કે અનાથ, નિરાધાર, બાળકો, નિરાધાર વૃધ્ધો, ગુન્હાહિત વૃત્તિ તરફ વળેલા યુવકો વિગેરેને સમાજમાં પુનઃસ્થાપિત કરવા.

## ૨.૫. જાહેર તંત્રની મુખ્ય પ્રવૃત્તિ / કાર્યોઃ-

૧. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-૨૦૦૬
૨. ગુનેગાર પરિવિક્ષા અધિનિયમ -૧૯૫૮
૩. ભિક્ષા પ્રતિબંધ અધિનિયમ - ૧૯૫૯
૪. ભારતીય પુન:વસન સંસ્થાનો ધારો -૧૯૯૨
૫. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ - ૨૦૧૬
૬. નેશનલ ટ્રસ્ટ એક્ટ -૧૯૯૯
૭. ધ જુવેનાઇલ જસ્ટીસ કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન એકટ - ૨૦૧૫
૮. ધી મેન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટસ એન્ડ સિનિયર સિટીઝન એક્ટ – ૨૦૦૭

## ૨.૬ જાહેર તંત્ર દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી, તેનું સંક્ષિપ્ત વિવરણ સરકારી સંસ્થાઓ

**૧. બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી-સહ-જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી.**

બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ-૨૦૦૬ અને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એક્ટ-૧૯૫૮ તેમજ બાળ કલ્યાણ, દિવ્યાંગ કલ્યાણ, ટ્રાન્સજેન્ડર કલ્યાણની યોજનાકીય કામગીરી તેમજ જિલ્લા કક્ષાની કચેરીનું દેખરેખ, નિયંત્રણ માટે તમામ જિલ્લા મથકે આવી કચેરીઓ કાર્યરત છે.

**૨. ભિક્ષુક સ્વીકાર ગૃહો /કેન્દ્રઃ-**

૧૯૫૯ના ભિક્ષુક પ્રતિબંધક ધારા હેઠળ ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો, ગૃહોમાં કાયદા હેઠળ ભિક્ષુકોને પ્રવેશ આપી પુનઃસ્થાપનની કામગીરી.

**૩. બાળ ગુન્હા નિવારણ કેન્દ્રોઃ-**

બાળકોને ગુના તરફ વળતા અટકાવી તેઓને સુધારવા માટેની બિનસંસ્થાકીય સેવાઓ.

૪. **ઓબ્ઝર્વેશન હોમઃ-** બાળ ન્યાય(બાળકોની કાળજી અને રક્ષણ) બાબત અધિનિયમ - ૨૦૧૫ હેઠળ કાયદા સાથે સંઘર્ષમાં આવતા બાળકોને જુવેનાઇલ જસ્ટીસ બોર્ડના આદેશથી ૧૮ વર્ષની ઉંમર સુધીના પ્રવેશ આપવામાં આવે છે. તેમજ ઓબ્ઝર્વેશન હોમમાં શિક્ષણ, કૌશલ્યવર્ધક /વ્યવસાયિક તાલીમ આપીને સામાજિક પુન:સ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

૫. **પ્લેસ ઓફ સેફટી.:-** બાળ ન્યાય(બાળકોની કાળજી અને રક્ષણ) બાબત અધિનિયમ – ૨૦૧૫ની જોગવાઇ મુજબ કાયદા સાથે સંઘર્ષમાં આવતા છોકરાઓ માટે મહેસાણા અને રાજકોટ તેમજ છોકરીઓ માટે વડોદરા ખાતે કાર્યરત છે. જેમાં ૧૬ થી ૧૮ વર્ષના અતિ ગંભીર ગુનામાં સંકળાયેલા હોય જુવેનાઇલ જસ્ટીસ બોર્ડના આદેશથી તેમજ નામ. કોર્ટ દ્વારા સજા જાહેર કરેલ બાળકોને રાખવામાં આવે છે.

૬. **<u>સ્પેશ્યલ હોમ્સ:</u>** બાળ ન્યાય (બાળકોની કાળજી અને રક્ષણ) બાબત અધિનિયમ - ૨૦૧૫ હેઠળ કાયદા સાથે સંઘર્ષમાં વાળા ૧૮ વર્ષથી ઉપર અને ૨૧ વર્ષ સુધીના છોકરાઓ માટે મહેસાણા અને રાજકોટ અને છોકરીઓ માટે વડોદરા ખાતે કાર્યરત છે. આ હોમમાં જુવેનાઇલ જસ્ટીસ બોર્ડના આદેશથી બાળકોને રાખવામાં આવે છે. શિક્ષણ, કૌશલ્યવર્ધક /વ્યવસાયિક તાલીમ આપીને સામાજિક પુન:સ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

૭. **<u>બાળ ગૃહો :</u>** બાળ ન્યાય(બાળકોની કાળજી અને રક્ષણ) બાબત અધિનિયમ -૨૦૧૫ હેઠળ કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા તેમજ કાયદાના સંપર્કમાં આવેલ ૬ થી ૧૮ઉંમર સુધીની ઉંમરના ચાઇલ્ડ વેલ્ફેર કમીટીના આદેશથી બાળકોને ટુંકાગાળા કે લાંબાગળા માટે પ્રવેશ આપીને સારવાર, શૈક્ષણિક તેમજ કૌશલ્યવર્ધક તાલીમ આપીને કૌટુંબિક, સામાજિક પુન:સ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

૮. **<u>સ્પેશ્યલાઇઝડ એડોપ્શન એજન્સી :</u>** બાળ ન્યાય(બાળકોની કાળજી અને રક્ષણ) બાબત અધિનિયમ -૨૦૧૫ જોગવાઇ મુજબ ૦ થી ૬ વર્ષના સંભાળ અને રક્ષણ માટેની જરૂરીયાતવાળા બાળકોને ચાઇલ્ડ વેલ્ફેર કમીટીના આદેશથી પ્રવેશ આપવામાં આવે છે. સેન્ટ્રલ એડોપ્શન રીસોર્સ ઓથોરીટી (CARA) અને રાજય માં સ્ટેટ એડોપ્શન રીસોર્સ ઓથોરીટી (SARA) બાળકોને દત્તક આપવાની કામગીરી આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

૯. **<u>પશ્ચાદવર્તી સંભાળ સંસ્થા (આફટર કેર):-</u>** બાળ ન્યાય(બાળકોની કાળજી અને રક્ષણ) બાબત અધિનિયમ-૨૦૧૫ જોગવાઇ હેઠળ ૧૮વર્ષથી ઉપરની ઉંમરના વ્યકિતઓને સામાજિક પુન:સ્થાપનની કામગીરી કરવામાં આવે છે.વડોદરા મુકામે આફ્ટર કેર હોમ કાર્યરત છે.

- **<u>ગુજરાત બાળ સંરક્ષણ મંડળ:-</u>**
    1. રાજ્યમાં આવેલ સ્વૈચ્છિક ધોરણે ચાલતા ૦૩ ઓબ્ઝર્વેશન હોમના સંચાલન માટે સમાજ સુરક્ષાની વડી કચેરી ખાતે સ્વૈચ્છિક ધોરણે બાળ સંરક્ષણ મંડળ કાર્યરત છે.
    2. કર્મચારીની ભરતી અને અંતેવાસીઓની સાર સંભાળ અને તેની પશ્ચાદ કરવામાં આવે છે.
    3. ૧૦૦ ટકા ગ્રાન્ટની સરકાર દ્વારા ફાળવણી થાય છે.

- **બાળ માર્ગદર્શન કેન્દ્ર:-**

  શહેરના ઝુંપડપટ્ટી અને સ્લમ વિસ્તારના બાળકો ગુન્હા તરફ ન વળે તે માટે સામાજીક જીવન તરફ વાળવા સારા નાગરિક બનાવવાની તક આપવા માર્ગદર્શન અને સારી પ્રવૃત્તિઓ ચલાવવી.

૧૦. **દિવ્યાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા:-**

ધી રાઇટ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટી એકટ ૨૦૧૬ હેઠળ દિવ્યાંગ કલ્યાણ માટે શિક્ષણ, તાલીમ અને રહેઠાણની સુવિધાઓ આ સંસ્થાઓમાં આપવામાં આવે છે.

**રાજ્ય પારિતોષિક:-**

દિવ્યાંગ કલ્યાણક્ષેત્રે શ્રેષ્ઠ પ્રવૃતિ કરતી વ્યક્તિ / સંસ્થાઓને રાજય સરકાર તરફથી પારિતોષિક આપવામાં આવે છે.

વ્યક્તિગત – પ્રથમ ક્રમે આવતી વ્યક્તિને રૂ.૨૦,૦૦૦ અને પ્રશસ્તિપત્ર
બીજા ક્રમે આવતી વ્યક્તિને રૂ. ૧૫,૦૦૦ અને પ્રશસ્તિપત્ર

સંસ્થાકીય – પ્રથમ સંસ્થાને રૂ.૫૦,૦૦૦/- અને પ્રશસ્તિપત્ર.
બીજા ક્રમની સંસ્થાને રૂ. ૪૫,૦૦૦/- અને પ્રશસ્તિપત્ર

**દિવ્યાંગ બાળકના વાલી/મા –બાપને રાજ્ય પારિતોષિક યોજના:-**

દિવ્યાંગ બાળકને ઉછેરવાના અત્યંત કપરા અને કઠીન કામમાં સંકળાયેલા, દિવ્યાંગ બાાળકના વાલી/મા-બાપને એવોર્ડ પ્રદાન કરવાની યોજના તા. ૨૮-૮-૨૦૦૯ થી કરવામાં આવી છે. દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ માં માન્ય રાખેલ કુલ ૨૧ પ્રકારની દિવ્યાંગતા પૈકી કોઇપણ ૪ દિવ્યાંગતાની કેટેગરીના બાળકોના વાલી/મા-બાપને રાજ્ય પારિતોષિક માટે રૂ.૧૦,૦૦૦/- રોકડ પુરસ્કાર અને પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.

**કેન્દ્ર સરકારની યોજના**

રાષ્ટ્રીય પારિતોષિક(ભારત સરકાર તરફથી)

ભારત સરકાર દ્વારા દર વર્ષે દિવ્યાંગ વ્યક્તિઓને રાષ્ટ્રીય એવોર્ડ એનાયત કરવામાં આવે છે જેમાં દરેક એવોર્ડ વિજેતાને રોકડ રકમ, પ્રમાણપત્ર અને મેડલ આપવામાં આવે છે.

૨.૭ **જાહેર તંત્રના રાજ્ય, નિયામક કચેરી, મુખ્ય કચેરી ગાંધીનગર નિયામકશ્રી પ્રદેશ, જિલ્લો, બ્લોક વગેરે સ્તરોએઃ સંસ્થાગત માળખાનો આલેખ જ્યાં લાગુ પડતું હોય ત્યાં -**

૧. નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર.

૨. જિલ્લા કક્ષાએ - જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી (સત્તાધિકારી).

૩. તાલુકા કક્ષાએ પ્રાદેશીક સ્તરે કોઈ સરકારી કચેરીઓ આવેલ નથી. પરંતુ ખાતા હસ્તકની સ્વૈચ્છિક સંસ્થાઓ આવેલ છે.

**૨.૮ જાહેર તંત્રની અસરકારતા અને કાર્યક્ષમતા વધારવાની લોકો પાસેથી અપેક્ષાઃ-**

રાજ્ય સરકાર દ્વારા અમલી બનાવેલ કાયદાઓ અને યોજનાઓના અસરકારક અમલ માટે હકારાત્મક અભિગમની અપેક્ષા છે.

**૨.૯ લોક સહયોગ મેળવવા માટેની ગોઠવણઃ-**

લોક સહયોગ મેળવવા ગ્રામીણ અને જિલ્લા કક્ષાએ કાયદાકીય અને યોજનાકીય બાબતે કેમ્પો ગોઠવવા, જાહેર સ્થળોએ બેનરો મુકવા, સેમીનારનું આયોજન, પ્રદર્શન અને ટેલિવિઝન દ્વારા લોક સહયોગ મેળવવાની ગોઠવણ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓને પ્રોત્સાહિત કરી જનજાગૃત્તિ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.

**૨.૧૦ સેવા આપવાના દેખરેખ નિયંત્રણ અને જાહેર ફરિયાદ નિવારણ માટે ઉપલબ્ધ તંત્રઃ-**

દરેક જિલ્લામાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી તથા સમગ્ર રાજ્ય ઉપર નિયંત્રણ માટે નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર.

**૨.૧૧ મુખ્ય કચેરી અને જુદા જુદા સ્તરે આવેલી અન્ય કચેરીઓના સરનામાં -**

મુખ્ય કચેરીઃ- નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, જૂના સચિવાલય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

અન્ય કચેરીઓઃ-તમામ જિલ્લા મથકે બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીઓ.

**૨.૧૨ કચેરી શરૂ થવાનો સમય અને કચેરી બંધ થવાનો સમયઃ-**

સવારે ૧૦-૩૦ થી સાંજે ૬-૧૦ સુધી

રહેણાંકી સંસ્થા - ૨૪ કલાક ચાલુ રહે છે.